
સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 41 ❖ Issue : 11 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52

Annual Subscription : ₹.300/- ❖ February-2019



## કુંભમેળો

### પ્રયાગરાજમાં આસ્થાનો ઉમળકો

## હિંદુઓની એકતાનું પ્રતિક

ગાજરે વલ્લભભાઈનો વટ રાખ્યોઃ પદ્મશ્રી અપાવ્યો

**મહાકુંભ વિશેષ**

## મહાકુંભ : હિંદુઓની એકતાનું પ્રતિક

કુંભમેળાના ચાર ક્ષેત્રો પ્રયાગરાજ, હરદ્વાર, ઉજ્જૈન અને નાસિક એ ચાર દિશાઓના પ્રતિક છે. અહીં પરિવહનનાં આધુનિક યુગ પહેલાંથી ભરાતાં કુંભમેળા ભારતીય એકતાનું પ્રતિક અને હિંદુ સંસ્કૃતિ અંતર્ગત સમાનતાનાં સૂત્ર સાબિત થયા છે. **૨૨-૨૩**




| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી... | રાષ્ટ્રીય, સાંસ્કૃતિક, સામાજિક કાર્યોને કુંભમેળા સમાન ગણી આસ્થા સાથે એકતા જાળવીએ... | | ૦૭ |
| છાત્રાલય ગૌરવ | કુમાર/કન્યા છાત્રાલયના છાત્રો CA ફાઈનલ, CA ફાઉન્ડેશન, CPTમાં ઝળક્યા | | ૦૮ |
| સંસ્થા સમાચાર | કુમાર-કન્યા છાત્રાલય ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ | | ૦૯-૧૦ |
| | બિન અનામત શૈક્ષણિક-આર્થિક વિકાસ નિગમનાં લાભો અંગે કુમાર-કન્યા છાત્રાલયમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો | | ૧૧ |
| | કન્યા છાત્રાલય ખાતે મોટીવેશનલ કાર્યક્રમ અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો | | ૧૩ |
| સમાજ ગૌરવ | ડૉ. નીતિન પેથાણી સૌરાષ્ટ્ર યુનિ.નાં કુલપતિ નિમાયા | યોગેશ પટેલ | ૧૬ |
| પાટીદાર રત્ન | ગાજરે વલ્લભભાઈનો વટ રાખ્યો: પદ્મશ્રી અપાવ્યો | યોગેશ પટેલ | ૧૭ |
| મહાકુંભ વિશેષ | પ્રયાગરાજમાં આસ્થાનો ઉમળકો | યોગેશ પટેલ | ૧૯ |
| | મહા કુંભ : હિંદુઓની એકતાનું પ્રતિક | દિવ્યેશ વેકરિયા | ૨૨ |
| લગ્ન વિષયક | | | ૨૬-૨૭ |
| મહાકુંભ વિશેષ | નાગા સાધુઓની રહસ્યમયી દુનિયાનું સત્ય | ડૉ. અશ્વિની શાસ્ત્રી | ૨૮ |
| મહાકુંભ વિશેષ | કુંભમેળો: સંસ્કૃતિઓનું સંગમ સ્થાન | ડૉ. જે. જે. રાવલ | ૩૦ |
| રતન ગાથા | 'ભારત રત્ન' નાનાજી દેશમુખ: રાષ્ટ્ર માટે જીવન સમર્પણ | | ૩૬ |
| ઈમિગ્રેશન ઈન્ફો | ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા: પ્રશ્નો અને સ્પષ્ટતાઓ | વિશાલ ઘાડિયા | ૪૦ |
| ટેક-ઓફ | એકવીસમી સદીમાં આધ્યાત્મિકતા શા માટે જરૂરિયાત બની જવાની? | શિશિર રામાવત | ૪૩ |
| અહા! ચિંતન | ડિજિટલ સંવેદનાઓ : સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિનો મતલબ શું? | કૃષ્ણકાંત ઉનડકટ | ૪૬ |
| ગર્ભસંસ્કાર | માતા-પિતાનો આહાર અને બાળકનું સ્વાસ્થ્ય | | ૪૮ |



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા

Published by : Devjibhai M. Patel
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offset, F-11-38, Ravi Estate, Nr. Torrent Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

### અમરેલી

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- શ્રી શંભુભાઇ મુળજીભાઇ કરકર ૯, અયોધ્યાનગર-૧, 'કર્મા', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **74054 20536, 96621 22364** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે. અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઇ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# રાષ્ટ્રીય, સાંસ્કૃતિક, સામાજિક કાર્યોને કુંભમેળા સમાન ગણી આસ્થા સાથે એકતા જાળવીએ...

કુંભમેળાની ચોક્કસ શરૂઆત અંગે કોઈ સમયગાળો કે નિશ્ચિત તીથિ નથી, પરંતુ પુરાણોમાં જોવા મળતાં સંદર્ભ મુજબ ગ્રહોની વિશેષ સ્થિતિ પર જ તેનો સંકેત જોવા મળે છે. કહેવાય છે કે, સમુદ્ર મંથન બાદ તેમાંથી નીકળેલા અમૃત અંગે દેવો અને દૈત્યો વચ્ચે થયેલા યુદ્ધ દરમિયાન અમૃત કળશમાંથી અમૃતના છાંટા પૃથ્વી પર જ્યાં પડ્યા હતા તેવા પ્રયાગરાજ, નાસિક, ઉજ્જૈન અને હરિદ્વાર ખાતે દર ૧૨ વર્ષે વારાફરતી કુંભમેળો ભરાય છે. કુંભમેળો એ હિન્દુઓની એકતાનું પ્રતિક અને સંસ્કૃતિઓના સંગમ સ્થાન સમાન છે. આ વર્ષે તીર્થરાજ પ્રયાગ ખાતે ભરાયેલા કુંભમેળામાં લાખો શ્રદ્ધાળુઓ પોતાના પાપ ધોવા અને મોક્ષ મેળવવા ગંગા, યમુના અને લુપ્ત થયેલી સરસ્વતીનાં ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે.

કુંભમેળા એ દુનિયાની મહાન અજાયબી સમાન પણ છે, જેમાં કોઈને આમંત્રણો અપાતાં નથી. માત્ર આકાશમાં સૂર્ય-ચંદ્ર-ગુરૂના સ્થાનનાં કેલેન્ડર મુજબ તે યોજાય છે અને કરોડો શ્રદ્ધાળુઓ સ્વયંભૂ શાંતિથી, સુવ્યવસ્થિત, વિવેકથી, ભક્તિભાવથી, સહૃદયતાથી અને હોંશે હોંશે ગાંઠના ગોપીચંદન કરીને તેમાં ઉમટી પડે છે.



કુંભમેળા ભરાવા પાછળ મુખ્ય હેતુ કયો છે એ સમજીએ તો, સમગ્ર ભારતવર્ષમાં એક જગ્યાએ મળવું હોય તો એક વર્ષનો સમય ટૂંકો પડે. જેથી કુંભમેળો ભારતના અલગ અલગ સંસ્કૃતિના સંગમનું સ્થળ બને છે અને ભારતની એકતાનું પ્રદર્શન કરે છે. કુંભમેળો એ એક જાતની રાષ્ટ્રીય સાંસ્કૃતિક પરિષદ જ છે, જ્યાં તમામ લોકો હળી-મળી શકે છે. કુંભમેળો સમુદ્રમંથન, બ્રહ્માંડનાં જન્મ, વલોવાતી આકાશગંગા, સૂર્યમાળા, ફોર્સ અને એન્ટિફોર્સ વચ્ચે ચાલતી રસ્સી ખેંચતાણ, મોહિનીએ ઉત્પન્ન કરેલી માયા, ઈર્ષ્યા અને સંપત્તિની વહેંચણીની વાત કરે છે. જગદ્ગુરુ શંકરાચાર્યે લોકોમાં એકતા આણવા કુંભમેળાની પ્રથાને મહત્ત્વની ગણી હતી.

એટલે જ મોટા સામાજિક પ્રસંગોને આપણે કુંભ મેળવડાં સમાન ગણીએ છીએ. ચારેય ધામમાં યોજાતા કુંભમેળામાં આપણે પ્રત્યક્ષ ઉપસ્થિત ન થઈ શકીએ તો પણ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યોમાં આપણી આસ્થા સાથે એકતા જાળવી રાખીએ તો પણ ઘણું છે.

**જય હિન્દ...**

# કુમાર/કન્યા છાત્રાલયના છાત્રો
# CA ફાઈનલ, CA ફાઉન્ડેશન, CPTમાં ઝળક્યા

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયનાં છાત્ર **શ્રી નિકુંજકુમાર અમરસીભાઈ સવાણી** (ગામ-લાખેણી, તા.બોટાદ, જિ.બોટાદ) તથા **શ્રી અંકિત જીતેન્દ્રભાઈ ડોબરિયા** (ગોંડલ) અને કન્યા છાત્રાલયની છાત્રા **શ્રી પ્રિતિ મુકેશભાઈ રાદડિયા** (ગામ-કેરિયાચાડ, તા.જિ.અમરેલી)એ **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ** (CA)ની ફાઈનલ પરિક્ષામાં ઉતિર્ણ થઈને સંસ્થા સહિત સમાજનું ગૌરવ વધાર્યું છે.

આ ઉપરાંત કુમાર છાત્રાલયનાં કુલ ૧૧ છાત્રો અને કન્યા છાત્રાલયની કુલ ૨ છાત્રાઓ ચાર્ટડ એકાઉન્ટ્ન્ટસ (CA)ની ફાઉન્ડેશન પરીક્ષામાં તથા કુમાર છાત્રાલયના ત્રણ છાત્રો CPT પરિક્ષામાં ઉતિર્ણ થયા છે. જે સંસ્થા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. સફળતા મેળવનારા છાત્રા/છાત્રાઓનાં નામ નીચે મુજબ છે. તમામને ખૂબ ખૂબ અભિનંદન...



**નિકુંજ સવાણી**
CA ફાઈનલ પાસ



**અંકીત ડોબરિયા**
CA ફાઈનલ પાસ



**પ્રિતિ રાદડિયા**
CA ફાઈનલ પાસ

**સીએ ફાઉન્ડેશન પાસ**

| | | |
|---|---|---|
| શ્રી ચિંતન જીવરાજભાઈ જાજડિયા | (ડીસ્ટીંક્શન) | ગામ-સિદસર, જિ.ભાવનગર |
| શ્રી જીત ઘનશ્યામભાઈ રામાણી | (ડીસ્ટીંક્શન) | ગામ-ખાંભા, જિ.અમરેલી |
| શ્રી કાર્તિક ગોરધનભાઈ ગેડિયા | (ડીસ્ટીંક્શન) | ગામ-ચલાલા, જિ.અમરેલી |
| શ્રી જેમીસ ભાણજીભાઈ ચાંગાણી | | ગામ-બજરંગપુરા, જિ.જામનગર |
| શ્રી પ્રયાંગ સુરેશભાઈ દેસાઈ | | ગામ-ઓળિયા, જિ.અમરેલી |
| શ્રી સાવન નિલેશભાઈ કોરાટ | | ગામ-કેરિયાચાડ, જિ.અમરેલી |
| શ્રી નિકુંજ ભરતભાઈ મોલિયા | | ગામ-ખેરડી, જિ.રાજકોટ |
| શ્રી પિયુષ દિનેશભાઈ સાંચપરા | | ગામ-બુધેલ, જિ.ભાવનગર |
| શ્રી સ્મિત નરેશભાઈ ભીકડિયા | | ગામ-ભાવનગર |
| શ્રી જય રમેશભાઈ પાંભર | | ગામ-કાલાવાડ, જિ.જામનગર |
| શ્રી ભાવીન ભરતભાઈ સોરઠિયા | | ગામ-ચારણ સામઢિયાળા, જિ.રાજકોટ |
| શ્રી ક્રિષ્ના જયેશકુમાર બોડા | | ગામ-હનુમાનપુર, જિ.અમરેલી |
| શ્રી આરસી મહેશકુમાર નાકરાણી | | ગામ-કેરિયાનાગસ, જિ.અમરેલી |

**CPT પાસ**

| | |
|---|---|
| શ્રી હર્ષ દિનેશભાઈ કોલડિયા | |
| શ્રી સ્મિત દિનેશભાઈ વરસાણી | ગામ-કાલાવાડ, જિ.જામનગર |
| શ્રી પૂર્વ ઘનશ્યામભાઈ ભિકડિયા | ગામ-ઓતારિયા, જિ.અમદાવાદ |

# કુમાર છાત્રાલય ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના પટાંગણમાં તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ ધામધૂમ પૂર્વક પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં છાત્રાલયના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે હાજર વિદ્યાર્થીઓએ પોતાના હાથમાં નાના ધ્વજ રાખી લહેરાવતાં સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયુ હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા, મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયા, સહમંત્રી શ્રી નટુભાઈ કકાણી તથા ટ્રસ્ટી શ્રી ગુણવંતભાઈ સોજીત્રા, શ્રી હિમ્મતભાઈ કસવાળા, શ્રી ત્રિકમભાઈ ઝાલાવડિયા, શ્રી વજુભાઈ રીબડિયા સહિત અન્ય મહેમાનો હાજર રહ્યા હતા.

રાષ્ટ્રનાં ૭૦માં પ્રજાસત્તાક પર્વે ઈન્દોરથી પધારેલા શ્રી વલ્લભભાઈ પટેલ (પટેલ મોટર્સ) તથા શ્રી દિલીપભાઈ કોઠિયાનાં હસ્તે ધ્વજવંદન કરાયુ હતું.ધ્વજવંદન બાદ સૌએ રાષ્ટ્રગાન ગાઈને ધ્વજને સલામી આપી હતી અને રાષ્ટ્ર પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.



બાદમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ કોઠિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. આભારવિધી શ્રી દેવજીભાઈ સોજીત્રાએ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર શ્રી વિષણુભાઈએ સંઘ અંગે માહિતી આપીને દેશભક્તિના ગીતો ગાઈ ભારતમાતાની પૂજા કરી હતી.





# કન્યા છાત્રાલય ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ





**ના જિયો ધર્મ કે નામ પર, ના મરો ધર્મ કે નામ પર ।**
**ઈન્સાનિયત હી હૈ ધર્મ વતન કા, બસ જિયો વતન કે નામ પર ।।**

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રનાં ૭૦માં પ્રજાસત્તાક પર્વની આ ઉજવણીમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપરાંત છાત્રાલયની વિદ્યાર્થીનીઓ તથા રેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી હર્ષાબેન સખવાળા, શ્રીમતી સ્નેહાબેન રાદડિયા તથા શ્રીમતી પંચશીલાબેન બાબરીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ રાષ્ટ્રગીત જન..ગણ.. મન.. નું ગાન કરાયુ હતું અને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થાની એક વિદ્યાર્થીનીએ દેશભક્તિ ગીત રજૂ કર્યુ હતુ, જેના પર અન્ય વિદ્યાર્થીનીએ ડાન્સ રજૂ કર્યો હતો. બાદમાં સૌ વિદ્યાર્થીનીઓએ ગરબાની રમઝટ બોલાવી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

## કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓનો રાજસ્થાન પ્રવાસ યોજાયો



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા યોજાયેલ પાંચમાં રમતોત્સવમાં પ્રોત્સાહન રૂપે આપેલ ઈનામોની રકમમાંથી કન્યા છાત્રાલયનો ત્રિ-દિવસીય પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં છાત્રાલયની ૬૪ વિદ્યાર્થીનીઓ સાથે ૪ રેક્ટર બહેનોએ પણ ભાગ લીધો હતો.

૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ રાત્રે ૧૧ કલાકે રાજસ્થાનનાં પ્રવાસે નીકળેલી વિદ્યાર્થીનોઓએ ૨૭ જાન્યુઆરીએ ઉદયપુર, પીંછોલા લેક, તોરણપોલ, મહારાણા પ્રતાપ લેક જેવા વિવિધ સ્થળો નીહાળી બોટીંગ સહિતનો આનંદ માણ્યો હતો.

બીજા દિવસે એટલે કે ૨૮ જાન્યુઆરીએ નાથદ્વારા શ્રીનાથજી ભગવાનનાં દર્શન કર્યા હતા. બાદમાં જોધપુર જવા માટે રવાના થયા હતા. જ્યાં, જોધપુર સીટીપેલેસ, મહેરાન ગઢ, ઉમેદભવન કિલ્લા સહિત વિવિધ સ્થળોની મુલાકાત લઈ પ્રવાસનો અવિસ્મરણીય આનંદ માણવા સાથે અંબાજી ખાતે માં અંબાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી અને પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.

# બિન અનામત શૈક્ષણિક-આર્થિક વિકાસ નિગમનાં લાભો અંગે

## કુમાર-કન્યા છાત્રાલયમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ રાત્રે ૭-૦૦ કલાકે તથા કુમાર છાત્રાલય ખાતે રાત્રે ૯-૦૦ કલાકે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ અંતર્ગત વિવિધ લાભનાં માર્ગદશર્ન માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આયોગના ચેરમેન શ્રી હંસરાજભાઈ ગજેરા તથા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ કોઠિયા ખાસ હાજર રહ્યા હતા.

શ્રી હંસરાજભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને આર્થિક સહાય માટે ક્યાં રજૂઆત કરવી? ક્યાં ફોર્મ ભરવા જોઈએ? ઓનલાઈન ફોર્મ કેવી રીતે ભરવા? કયા કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કઈ યોજનામાં આર્થિક સહાય મેળવી શકે? તે અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી. આ અંગે વિગતવાર માહિતી www.gueedc.gujarat.goc.in પરથી મળશે તેમ પણ જણાવાયું હતું.

બાદમાં વિદ્યાર્થીનીઓએ કરેલા સવાલોનાં ઉત્તર અપાયા હતા અને વિવિધ યોજનાઓમાં કયા લાભ મેળવી શકાય તે માટેની એક યાદી પણ અપાઈ હતી. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓનાં બિન અનામત અંગેના સર્ટીફીકેટ મેળવવા માટેના ફોર્મ ભરીને ચેરમેનશ્રીને રૂબરૂમાં જ સુપરત કરાયા હતા, જેથી છાત્રોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

## અર્જુન સંઘાણીની પ્રમાણિકતા અન્ય વિદ્યાર્થીઓ માટે દષ્ટાંતરૂપ બનશે



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના વિદ્યાર્થી શ્રી અર્જુન કિશોરભાઈ સંઘાણી (જામનગર)એ પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

અર્જુને છાત્રાલય સંકુલમાંથી પોતાને મળી આવેલી મોટી રકમ કોઈ જાતની લાલચમાં ન આવીને પોતાની પાસે ન રાખતાં તેને કાર્યાલયમાં જમા કરાવીને પ્રમાણિકતાનો દાખલો બેસાડ્યો છે. વિદ્યાર્થી કાળમાં જ અર્જુનની આવી પ્રમાણિકતા અને ઉમદા વિચારધારા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની શકે છે. અર્જુનની આ પ્રમાણિકતા બદલ સંસ્થાના પ્રમુખશ્રીએ તેને અભિનંદન સાથે જીવનમાં પ્રગતિના પંથો સર કરતાં રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# છાત્રાઓને ધ્યાન અંગે ઉંડાણપૂર્વક સમજ અપાઈ





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલયમાં તા. ૧૬ જાન્યુઆરીના રોજ ધ્યાન અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ધ્યાન માટે યુએસએથી શ્રી ભૂપેન્દ્રભાઈ દવે અને શ્રી નયનાબેન દવેને ખાસ આમંત્રણ આપવામાં આવ્યુ હતું. સંસ્થાના પ્રાર્થના હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી ભૂપેન્દ્રભાઈ દવેએ સૌ પ્રથમ વિદ્યાર્થીનીઓને ધ્યાન અંગે થોડીક પ્રશ્નોત્તરી કર્યા બાદ ધ્યાન શું છે? ધ્યાનથી શો ફાયદો થઈ શકે? ધ્યાન કોણે કરવું જોઈએ? ક્યારે કરવું જોઈએ તે અંગે માહિતી આપી હતી.

ધ્યાન અંગેની પ્રશ્નોત્તરીમાં હોસ્ટેલની વિદ્યાર્થીની વૈશાલી કાનાણીએ જવાબો આપ્યા હતા. ધ્યાન અંગે અભિમુખ કરાવ્યા બાદ અને તે અંગે ઉડાણપૂર્વક સમજ આપ્યા બાદ વિદ્યાર્થીનીઓને એડીએચડી રોગ અંગે સમજ અપાઈ હતી. આ રોગ કોઈપણ વ્યક્તિને કોઈપણ ઉંમરે થવાની શક્યતા રહેલી છે. જે અંગે એક વિડીયો ક્લિપ પણ બતાવવામાં આવી હતી અને ધ્યાન દ્વારા આ રોગમાં શો ફાયદો થાય તેની સમજ આપ્યા બાદ બાળકોમાં આવેલા પરિવતર્નનો વિડીયો પણ બતાવવામાં આવ્યો હતો.

૧૮ જાન્યુઆરીના દિવસે ફરીથી ભૂપેન્દ્રભાઈ અને નયનાબેન સંસ્થામાં આવ્યા હતા અને વિદ્યાર્થીનીઓને ધ્યાન કરતાં શિખવ્યું હતું. આ દિવસે સૌ પ્રથમ જાણિતા ધ્યાન મહર્ષિ  મહેશ યોગીની અર્ચના બાદ ધ્યાન શીખવવાની શરૂઆત કરાઈ હતી. જેમાં ર૭ વિદ્યાર્થીનીઓ સહિત સંસ્થાની મેડમોએ ભાગ લીધો હતો. સાંજે ૬-૦૦ વાગ્યે  શરૂ થયેલો આ તાલીમ કાર્યક્રમ રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો, જેમાં પ્રથમ નયનાબેન અને બાદમાં ભૂપેન્દ્રભાઈએ વ્યક્તિગત દેખરેખ હેઠળ દરેકને ધ્યાન કરતાં શિખવ્યુ હતું. એ પછી રર જાન્યુઆરીએ એકવાર ફરીથી ભૂપેન્દ્રભાઈ અને નયનાબેને તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ સાથે ધ્યાન અંગેના અનુભવ અને ફાયદાની ચર્ચા કરી હતી.

## છાત્રાઓને સેલ્ફ ડિફેન્સ માટે સજાગ કરાઈ

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓનાં સંરક્ષણ અંતર્ગત સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં શ્રી નીતીનભાઈ તથા શ્રી દિનેશભાઈની ટીમે ઉપસ્થિત રહી આજના યુગમાં મહિલાઓએ સેલ્ફ ડિફેન્સ માટે કઈ રીતે અને કેટલું સજાગ રહેવું તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.



# કન્યા છાત્રાલય ખાતે મોટીવેશનલ કાર્યક્રમ અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજે બપોરે ૧૧ કલાકે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર અને મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી મનુભાઈ અને પ્રો. અશ્વિનભાઈ આણદાણી હાજર રહ્યા હતા.

આ સેમિનારમાં છાત્રાલય માટે હંમેશા ચિંતીત શ્રી મનુભાઈ ગોંડલિયાએ વિદ્યાર્થીની બહેનોને મુંઝવણમાંથી બહાર આવી પોતાની જાતને સાબીત કરવા માટે પ્રેરિત કરી હતી અને સફળતાની અનેક દાસ્તાનો સંભળાવી સમગ્ર વાતાવરણ પ્રેરણામય બનાવ્યુ હતું. પ્રો. અશ્વિનભાઈ આણદાણીએ એક શિક્ષકની ભાષામાં વિદ્યાર્થીની બહેનોને પોતાના ધ્યેય લક્ષ્ય રાખી આગેકૂચ કરતાં રહેવા સુંદર માર્ગદર્શન આપ્યુ હતું.

## કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓનો રાજસ્થાન પ્રવાસ યોજાયો

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે તા.૯ થી ૧૨, જાન્યુઆરી દરમ્યાન રાજસ્થાન પ્રવાસનું આયોજન કરાયુ હતું. જેમાં ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ ત્રિ-દિવસિય પ્રવાસમાં વિદ્યાર્થીઓએ ઉદયપુર, પીંછોલા લેક, અરાવલી વાટિકા, સહેલીયોંકી વાડી, જોધપુર સીટીપેલેસ, મહેરાન ગઢ, ઉમેદભવન કિલ્લા સહિત વિવિધ સ્થળોની મુલાકાત લઈ પ્રવાસનો અવિસ્મરણીય આનંદ માણવા સાથે અંબાજી ખાતે માં અંબાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી અને પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.



# છાત્રાલયની મુલાકાતથી પ્રભાવિત થયા

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે યુએસએ સ્થિત શ્રી બાબુભાઇ સાવલિયાએ મુલાકાત લીધી હતી. તેઓએ છાત્રાલયની તમામ પ્રવૃત્તિઓ રસ લઇને નિહાળી હતી તથા ફોરેન ફંડ્સ અને એકાઉન્ટ અંગે સમજ મેળવી હતી.

એટલું જ નહીં સંસ્થા દ્વારા લેવાયેલ નવી જગ્યાથી તેઓ ખુશ થયા હતા અને સંસ્થાના સુચારૂ વહીવટ અને સંચાલન જોઈને પ્રભાવિત થઈને અભિનંદન પાઠવ્યા.

તેઓશ્રીએ 'પટેલ સુવાસ'નાં પણ ૨૫ લવાજમ ભર્યા હતા અને કુરીયર ચાર્જ સહિત જે થાય તેના કરતાં વધુ રકમનું સંસ્થામાં દાન પણ આપ્યુ હતું.



# અન્નપૂર્ણા ધામ, અડાલજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

સમસ્ત લેઉવા પાટીદારોનાં સ્વમાન-ગૌરવના શ્રદ્ધાતિર્થ સમાન શ્રી અન્નપૂર્ણા ધામ, અડાલજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ભૂમિપૂજન કાર્યક્રમ આગામી તા.૫ માર્ચ, ૨૦૧૯ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના અધ્યક્ષ સ્થાને અડાલજ ખાતે યોજવામાં આવનાર છે.

આપણાં સમાજના અગ્રણી શ્રી રવજીભાઈ વસાણીના ચેરમેન પદે શ્રી અન્નપૂર્ણા ધામ, અડાલજ ખાતે વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિર આકાર પામી ચૂક્યુ છે. હવે અહીં શિક્ષણ સંકુલ પણ આકાર પામશે. અડાલજ એ લેઉવા પટેલોની માતૃભૂમિ ગણાય છે. અન્નપૂર્ણા ધામ ખાતે અનેક સુવિધાઓ પણ વિકસાવાશે. આ ટ્રસ્ટના પ્રમુખ પદે શ્રી નરહરિ અમીન તેમજ મંત્રી પદે શ્રી ભીમજીભાઈ નાકરાણી સેવા આપી રહ્યા છે.

## લગ્ન વિષયક



નામ : ગઢિયા ધિમંત શાંતિલાલ (US Citizen)
સરનામું : એ-૩૦૨, વૃંદાવન હોમ્સ, વિનાયક ફ્લોરાની સામે, P.D.P.U રોડ, રાયસણ, ગાંધીનગર
ફોન : (ઘર) 97374 71469
મોબાઈલ : +1 - 83247 70171, +1 - 83243 30810
ઈ-મેઈલ : dhimant9@yahoo.com
જન્મ તા. : 31-8-90 ઉંચાઈ : 5'09" વજન : 68 kg.
અભ્યાસ : Mechanical Engg. (pursuing in Lamar Uni. at Houston, Texas, USA)
મૂળ વતન : ગામ-ભાડેર, તા.ધારી, જિ.અમરેલી (Graduation Completed by May 2019)
મોસાળ : કુનડિયા, ગામ-મોટી કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : Student Visa or H1/F1 Status Holder in USA, Engg. or Mechanical Field
નોકરી/ધંધો : અભ્યાસ

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

**આપ, મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત**
**www.pateljeevansathi.org**
**વેબસાઈટ પર પણ જોઈ શકો છો.**

આ વેબસાઈટ પરથી જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# શ્રી ધીરૂભાઈ કસવાલાની પૂણ્યતિથિની ઉજવણી કરાઈ





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે સ્વ. શ્રી ધીરૂભાઈ કસવાલાની પૂણ્યતિથિ નિમિત્તે તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ છાત્રાઓને ભોજનનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

તેમનાં પુત્ર ચિ. શ્રી ભૂપેન્દ્રભાઈ કસવાળા (એવલોન ગૃપ) તથા પરિવારને સંસ્થાની દિકરીઓને ભોજનદાન બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ. દાનનો પ્રવાહ આવા શુભ કાર્ય તરફ વાળવા સંસ્થા સમાજને અપીલ કરે છે.

## અભિનંદન

આપણનાં સમાજના બગસરા સ્થિત વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ સાવલિયા અને આજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભીમજીભાઈ નાકરાણીને તાજેતરમાં રાજ્યપાલશ્રીનાં હસ્તે અચલા ફાઉન્ડેશનનો ૨૦૧૯નો સારસ્વત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. અભિનંદન...

# યોગ શિબિર દ્વારા છાત્રાઓને યોગ/પ્રાણાયામની તાલીમ અપાઈ

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે યોગ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં યોગિતાબેન ધોળકિયાએ યોગશિક્ષક તરીકે સેવા આપી હતી. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૯થી આરંભાયેલ આ ૧૫ દિવસીય શિબિરમાં પ્રથમ દિવસે ૨૫ છાત્રાઓએ ભાગ લીધો હતો. તેમને 'યોગ કરો, રોજ કરો, સ્વસ્થ રહો' સુત્રથી યોગ અંગે સમજ અપાઈ હતી.

આ પ્રસંગે યોગિતાબેને કહ્યું કે, યોગ એ ભગવાન સુધી પહોંચવાનું માધ્યમ છે. યોગ દ્વારા વિશ્વની બાહ્યશક્તિઓ પ્રાપ્ત થાય છે. યોગ એ શરીર, શ્વાસ અને મનને એકત્ર રીને આનંદદાયક અનુભવ કરાવે છે. યોગ સાધનાની ખૂબી એ છે કે, તે યુવાન કે વૃદ્ધને ચુસ્ત અને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. તેમને યોગ સાથે પ્રાણાયામ અંગેની પણ સમજ આપતા કહ્યું કે, પ્રાણાયામ એટલે વ્યક્તિનો શ્વાસ પર કાબુ મેળવવાની પ્રક્રિયા. જેના દ્વારા લોહી તથા મગજને વધુ પ્રાણવાયુ મળે છે. પ્રાણાયામ અને યોગના સિદ્ધાંતો સાથે જ જોડાયેલા છે. યોગના કેટલાંક આસનો પાચનક્રિયા માટે મદદરૂપ છે. શિબિર દરમિયાન તેમને યોગના આઠ પગથિયા યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અંગે વિસ્તૃત સમજ આપી હતી.

તેમને આ શિબિર દરમિયાન સૂર્યનમસ્કાર પણ શિખવ્યા હતા. જે અંગે તેમણે કહ્યું કે, સૂર્યનમસ્કાર એ ૧૨ મુદ્રાઓનો સમન્વિત સંપુટ છે. જેના દ્વારા શરીરમાં લોહિનું પરિભ્રમણ સુધરે છે. મન શાંત બને છે જે એકાગ્રતા વધારવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત યોગિતાબેને કપાલભાતિ તથા બીજી અન્ય રીતો દ્વારા સ્વાસ્થ્ય માટે ઉપયોગી આસનો શિખવ્યા હતા.



નામ : કાકડિયા નિરજ બાબુલાલ
સરનામું : લાયબ્રેરી રોડ, મહાદેવપરા, ચલાલા, જિ.અમરેલી
(Family - 14189 Baneberry Circle, Manassas- 20112, Virginia , USA)
ફોન : (ઘર) +1 780-860-2210 (Canada)
મોબાઈલ : 7623070716, 9426943757
ઈ-મેઈલ : nick561982@gmail.com
જન્મ તા. : 5-6-82 ઉંચાઈ : 5'8" વજન : 172 lbs
અભ્યાસ : B. Interdepartmental Studies (S I Uni., Largo, Florida, USA)
મૂળ વતન : ગામ-ચલાલા, તા.જિ.અમરેલી
મોસાળ : શેલડિયા, ગામ-મોટા સમઢિયાળા, તા.જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ છુટાછેડા
નોકરી/ધંધો : Maintenance Planner, Maple leaf Foods Ltd., Canada (Canadian Citizen)



નામ : ઢોલરિયા ક્રિષ્ના અરવિંદભાઈ
સરનામું : 'ક્રિષ્ના' - બ્લોક નં. ૭, રાધામીરા પાર્ક,
સેટેલાઈટ ચોકની બાજુમાં, મોરબી રોડ, રાજકોટ
ફોન : (ઘર) 94274 18605
મોબાઈલ : 97264 34634
ઈ-મેઈલ : dr.krishnadholariya@gmail.com
જન્મ તા. : 11-12-92 ઉંચાઈ : 149 cm. વજન : 52 kg.
અભ્યાસ : M.B.B.S.
મૂળ વતન : ગામ-ડેરોઈ, તા.જિ.રાજકોટ
મોસાળ : લાઢિયા, ગામ-રાજ સમઢીયાળા, તા.જિ.રાજકોટ
પસંદગી : MBBS, MD, MS
નોકરી/ધંધો : મેડિકલ ઓફીસર, મુન્દ્રા-કચ્છ



નામ : પટેલ પીંકલ હરેશભાઈ
સરનામું : સી/૧/૧૭, ઈલા સોસાયટી, સેલ્સ ઈન્ડિયા શોરૂમ પાછળ,
ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપા નગર રોડ, અમદાવાદ
ફોન : (ઘર) 98985 34449
મોબાઈલ : 70168 58516
ઈ-મેઈલ : pinkalpatel1986@gmail.com
જન્મ તા. : 30-10-86 ઉંચાઈ : 5'8" વજન : 65 kg.
અભ્યાસ : Associate Deg. in Int. Business Management / Master Deg. in Project Management
મૂળ વતન : ગામ-શીહોર, જિ.ભાવનગર Associate Manager in Interior Architecture Design
મોસાળ : ચોવટિયા, ગામ-નાના આકડિયા, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : સારૂ ભણતર
નોકરી/ધંધો :



નામ : પટેલ આરતી હીરાભાઈ
સરનામું : એફ/૧૦૧, શાંતિનિકેતન સોલિટર, વૃંદાવન પાર્ટીપ્લોટ સામે,
એસ.પી. રીંગ રોડ પાસે, નિકોલ, અમદાવાદ
ફોન : (ઘર) 78747 57270
મોબાઈલ : 97126 64499
ઈ-મેઈલ : artipatel88786@gmail.com
જન્મ તા. : 13-4-94 ઉંચાઈ : 5'1" વજન : 53 kg.
અભ્યાસ : B.Sc., MLT
મૂળ વતન : ગામ-ગારિયાધાર, તા.ગારિયાધાર, જિ.ભાવનગર
મોસાળ : સવાણી, ગામ-ઉમરાળા, તા.ઉમરાળા, જિ.ભાવનગર
પસંદગી : સુશિક્ષિત, સંસ્કારી, નોકરિયાત અથવા ધંધાદારી
નોકરી/ધંધો : મેડીકલ લેબ ટેકનિશીયન



નામ : વડાલિયા સંજય હિંમતભાઈ
સરનામું : ૧૨, સુર્યરથ એપાર્ટમેન્ટ, સારથી બંગલોની સામે,
ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ
ફોન : (ઘર) (USA) +1 984 234 8128
મોબાઈલ : 97123 86930
ઈ-મેઈલ : sanjayvadaliya@hotmail.com
જન્મ તા. : 27-2-92 ઉંચાઈ : 5'7" વજન : 65 Kg.
અભ્યાસ : M.S. (Mechanical) North Carolina AYT State Uni., Green Sord, USA
મૂળ વતન : ગામ-ફાચરિયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી
મોસાળ : વેકરિયા, ગામ-કાકીડીમોલી, તા.ગીર ગઢડા, જિ.ગીર-સોમનાથ
પસંદગી : Green Card, H1B Samkax, ગ્રીનકાર્ડ - સમકક્ષ H1B
નોકરી/ધંધો : Mechanical Engineer at KBR



નામ : ડૉ. ખ્યાતિ જયેશભાઈ વિરાણી
સરનામું : દર્શન બ્લોક નં. ૨૨, શેરી નં. ૪, સિલ્વર ગોલ્ડ સોસાયટી,
નાના મૌવા રોડ, રાજકોટ
ફોન : (ઘર) 94272 40935, 96627 85858
મોબાઈલ : 99789 06312
ઈ-મેઈલ : kjvirani94@gmail.com
જન્મ તા. : 19-8-94 ઉંચાઈ : 163cm વજન : 53 kg.
અભ્યાસ : B.D.S.
મૂળ વતન : ગામ-કાલાવડ (શિતલા)
મોસાળ : ગજેરા, ગામ-નાગવદર, તા.ઉપલેટા
પસંદગી : MBBS,BDS, સરકારી કર્મચારી ક્લાસ-૨, એન્જિનિયર, બેન્ક ઓફીસર
નોકરી/ધંધો : શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ - રાજકોટમાં માનદ સેવા



નામ : પટેલ ઝીમીલ ડિમ્પલકુમાર
સરનામું : બી-૩૩, પાર્થ સોસાયટી, પાર્થેશ્વર મહાદેવ પાછળ,
ગેબનશા પીર, વટવા રોડ, ઈસનપુર, અમદાવાદ
ફોન : (ઘર) 96249 67589
મોબાઈલ : 99043 73015
ઈ-મેઈલ : zimilpatel5590@gmail.com
જન્મ તા. : 4-8-96 ઉંચાઈ : 5'10" વજન : 65 kg.
અભ્યાસ : B.Com., M.Com.
મૂળ વતન : ગામ-અમદાવાદ
મોસાળ : પટેલ, ગામ-સુરત
પસંદગી : ગ્રેજ્યુએટ, સુંદર, સુશીલ, સંસ્કારી, નાનુ ફેમિલી
નોકરી/ધંધો : ICICI બેંક



નામ : વાડદોરિયા શિતલ રતિલાલ
સરનામું : ૪૪૧, પિતૃછાયા, બેંક કોલોની, વોર્ડ-૧૨,
વિજયનગર, દુર્ગ, (છ.ગ.) ૪૯૧ ૦૦૧
ફોન : (ઘર) 98932 85458
મોબાઈલ : 98931 34943
ઈ-મેઈલ : rlpateldrgb@gmail.com
જન્મ તા. : 17-8-95 ઉંચાઈ : 5'6" વજન : 60 kg.
અભ્યાસ : M.Com.
મૂળ વતન : ગામ-ખીજડિયા, તા.કુંકાવા, જિ.અમરેલી
મોસાળ : કાછડિયા, ગામ-નાજાપુર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : CA / MBA / BE, સરકારી નોકરી / પ્રોફેસર
નોકરી/ધંધો :

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.



નામ : જાગાણી ધવલ જયસુખભાઈ
સરનામું : ૪૩, મધુવન બંગ્લોઝ,
કલ્હાર બંગ્લોઝ રોડ, શીલજ, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 98980 91986
ઈ-મેઈલ : jljagani@yahoo.co.in
જન્મ તા. : 5-5-91 ઉંચાઈ : 5'10" વજન : 74 kg.
અભ્યાસ : MS in Civil Engg. - Construction Management
Northeastern University, BOSTON, MS
મૂળ વતન : ગામ-આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી
મોસાળ : સાવલિયા, ગામ-અમૃતવેલ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
પસંદગી : H1B Visa Holder, US Citizen, Green Card Holder,
Indian wanting to come to USA for studies or works.
નોકરી/ધંધો : Project Manager, New York City



નામ : હિરપરા હર્ષ ભગવાનભાઈ
સરનામું : ન્યુ બી-૧૪, આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ
ફોન : (ઘર)
મોબાઈલ : 94268 86501
ઈ-મેઈલ : harsh.hirpara05@gmail.com
જન્મ તા. : 20-11-92 ઉંચાઈ : 5'10" વજન : 77 kg.
અભ્યાસ : M.Tech. (Electrical Engineering in Power System)
મૂળ વતન : ગામ-ચલાલા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : તારપરા, ગામ-દેવરાજિયા, તા.જિ.અમરેલી
પસંદગી : એન્જીનીયરીંગ / સાયન્સ ફેકલ્ટી ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : Sr. Er. in Atlanta Ele. Pvt. Ltd., VVNagar



નામ : નાકરાણી હર્ષિલ રમેશભાઈ
સરનામું : ૧૮, રમેશ પાર્ક સોસાયટી, પંચશીલ બસ સ્ટોપ પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ
ફોન : (ઘર) 90994 89703
મોબાઈલ : 90996 40462
ઈ-મેઈલ : harshilptl.92@gmail.com
જન્મ તા. : 16-03-92 ઉંચાઈ : 6'0" વજન : 82 kg.
અભ્યાસ : B.E. (Automobile)
મૂળ વતન : ગામ-પીઠવાજાળ, જિ.અમરેલી
મોસાળ : બાલધા, ગામ-ખારી, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : બેન્ચમાર્ક કાર્સ, આંબલી



નામ : રામાણી જોનાલી નવીનકુમાર
સરનામું : બોસ્ટન, USA
વ્રજભૂમિ, ૨૨-૧૧, ભોજરાજ પરા, ગોંડલ
ફોન : (ઘર) 99747 66876
મોબાઈલ : 97277 15150
ઈ-મેઈલ : jonaliramani@yahoo.com
જન્મ તા. : 5-11-92 ઉંચાઈ : 5'6" વજન : 53 kg.
અભ્યાસ : ફાર્મસી (નીરમા), MS in Reg. Aff. for Drug - Boston, H1 (USA) વિઝા છે.
મૂળ વતન : ગામ-ગોંડલ, તા.ગોંડલ, જિ.રાજકોટ
મોસાળ : સાવલિયા, ગામ-અમદાવાદ
પસંદગી : ઈજનેર / ડોક્ટર, H1 ગ્રીનકાર્ડ USA / PR કેનેડા
નોકરી/ધંધો :



નામ : વનાણી યોગેશ ચતુરભાઈ
સરનામું : ૧૨, માતૃ બંગ્લોઝ, સરદાર બંગ્લોઝ પાસે,
કલ્યાણ ચોક પાસે, ઠક્કરબાપા નગર, અમદાવાદ
ફોન : (ઘર) 98790 58947
મોબાઈલ : 99134 80048
ઈ-મેઈલ :
જન્મ તા. : 9-9-90 ઉંચાઈ : 5'75" વજન : 70 kg.
અભ્યાસ : M.B.A.
મૂળ વતન : ગામ-સમિઢયાળા નં.૧, તા.બોટાદ, જિ.બોટાદ
મોસાળ : ધોળકિયા, ગામ-લાઠી, તા.લાઠી, જિ.અમરેલી
પસંદગી : છુટાછેડા : નિર્દોષ છુટાછેડા
નોકરી/ધંધો : સીનીયર એક્ઝીક્યુટિવ, એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લીમીટેડ



નામ : દોમડિયા હાર્દિ લાલજીભાઈ
સરનામું : ૧૮, સત્યમ એક્ઝોટિકા ડુપ્લેક્ષ,
દુમાડ રોડ, છાણી, વડોદરા
ફોન : (ઘર) 97250 28183
મોબાઈલ : 99980 28516
ઈ-મેઈલ : lkdomadia@yahoo.com
જન્મ તા. : 9-5-92 ઉંચાઈ : 5'2" વજન : 58 kg.
અભ્યાસ : M.D.S. (Oral and Maxillofacial Surgery)
મૂળ વતન : ગામ-કાલાવડ (ગીર), તા.વિસાવદર, જિ.જૂનાગઢ
મોસાળ : વઘાસિયા, ગામ-પાનસડા, તા.બાબરા, જિ.અમરેલી
પસંદગી : MD, MS, MDS, BDS સમક્ષમ
નોકરી/ધંધો : કન્સલ્ટન્ટ, ઓરલ સર્જન



નામ : ઢોલરિયા રજની અશોકભાઈ
સરનામું : એ-૩૦૫, કેશવપ્રિય હોમ્સ, કે.પી. હાઈટ્સ સામે,
નિકોલ ગામ રોડ, નીકોલ, અમદાવાદ
ફોન : (ઘર) 93285 11958
મોબાઈલ : 97121 41689
ઈ-મેઈલ : rajani.raj0807@gmail.com
જન્મ તા. : 8-7-92 ઉંચાઈ : 5'6" વજન : 58 kg.
અભ્યાસ : B.Sc.,
મૂળ વતન : ગામ-મોટા ચારોડિયા, તા.ગારિયાધાર, જિ.ભાવનગર
મોસાળ : ગોધાણી, ગામ-મોટા ભલગામ, તા.વિસાવદર, જિ.જૂનાગઢ
પસંદગી : Any Other
નોકરી/ધંધો : Vinayak Industries

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.